દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૨ વર્ષ

રવિવાર ૬ જુલાઈ, ૨૦૨૫

# કોઈનું અપમાન થાય ત્યાં સુધી વાંધો નહીં પરંતુ જાહેરમાં કરતા પહેલા સો વખત વિચારજો

કોઇપણ વ્યક્તિ માર સહન કરી લે છે ગમે તેવી ગાળ સહન કરી લે છે પરંતુ જાહેરમાં થયેલું અપમાન ક્યારેય ભૂલતી નથી. આ વાત દરેકે યાદ રાખવા જેવી છે. સુરતના એક કિસ્સાની વાત કરીએ તો ડો.વિનોદ શાહના એક તબીબ મિત્ર તેમના પુત્રને કારણે ચિંતામાં હતાં. તેમનો પુત્ર બોર્ડની પરીક્ષા આપવા જઇ રહ્યો હતો અને અચાનક તેનું વર્તન બદલાઇ ગયું હતું. તેનો સ્વભાવ ચીડચીડીયો થઇ ગયો હતો. આ વાત તેમણે ડો. વિનોદ શાહને કરતાં તેઓ તેમના ઘરે પહોંચ્યા હતા. તે સમયે તેમને તબીબ પિતાએ કહ્યું હતું કે, ‘મારો પુત્ર ગમે તે વ્યક્તિ સાથે ગમે તેમ વાત કરે છે એટલે તમારે સાચવીને મળવું પડશે.’ તે સમયે ડો. વિનોદ શાહે તેમને પ્રત્યુત્તર આપ્યો હતો કે કોઇ વાંધો નહીં રૂમમાં તો અમે બે એકલા જ હોઇશું એટલે તે અપમાન કરે તો પણ વાંધો નહીં. આ વાત નાની છે પરંતુ ખૂબ જ સૂચક છે. કારણ કે વડીલ હોય, શિક્ષક હોય કે સિનિયર અધિકારી હોય જ્યાં સુધી તેઓ કોઇનું કચેરીમાં અપમાન કરે ત્યાં સુધી વાંધો નથી આવતો પરંતુ જો જાહેરમાં અપમાન થાય તો તે વ્યક્તિ જિંદગીભર બદલાની ભાવનાથી પીડાતી રહે છે.

જાહેરમાં અપમાનના એક કિસ્સાએ હાલમાં જ કર્ણાટકમાં ભારે ચર્ચા જગાવી છે.કર્ણાટકમાં એક કાર્યક્રમ દરમિયાન રાજ્યના મુખ્યમંત્રી કે. સિદ્ધારમૈયાએ પોલીસના એક ઉચ્ચ અધિકારી સાથે કરેલા અપમાનજક વર્તનને કારણે અત્યંત વ્યથિત થયેલાં આ અધિકારીએ નોકરીમાંથી રાજીનામું આપી દીધું છે. કર્ણાટકના એડિશનલ સુપરિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ (એએસપી) એન.વી. બારામણિએ પોતાના રાજીનામામાં ‘મુખ્યમંત્રી દ્વારા કરાયેલાં અપમાનને કારણે સ્વૈચ્છિક નિવૃત્તિ’ લઈ રહ્યો હોવાનું કારણ દર્શાવ્યું છે. બારામણિના રાજીનામામાં લખેલી વિગતો અનુસાર, ગત 28 એપ્રિલના રોજ કેન્દ્ર સરકારની ભાવ વધારાની નીતિનો વિરોધ કરવા કોંગ્રેસ પક્ષ દ્વારા બેલગામમાં મુખ્યમંત્રી સિદ્ધારમૈયાના નેતૃત્વમાં એક બેઠકનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં સ્ટેજની વ્યવસ્થાની જવાબદારી મને સોંપવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન ભાજપની કેટલીક મહિલા કાર્યકરો દેખાવો કરી રહી હતી, જેને કારણે મુખ્યમંત્રી નારાજ થઇ ગયા હતાં. આથી તેમણે ત્યાં હાજર પોલીસ અધિકારીને બોલાવવા કહ્યું હતું. જેથી હું તેમની પાસે ગયો ત્યારે તેમણે રોષે ભરાઈ મને થપ્પડ મારવા હાથ ઉપાડ્યો હતો. અખબારો અને ટીવીમાં સતત બે દિવસ સુધી આ સમાચાર પ્રસારિત થતાં હું અને મારો પરિવાર અપમાન અને સખત માનસિક તણાવ અનુભવી રહ્યાં છીએ. મારી પત્ની અને બાળકો હજી પણ અપમાનની આ ઘટના નથી ભૂલ્યાં. તો અપમાનનો બદલો લેવા માટે લોકો તકની રાહ જીંદગીભર જોતા હોય છે તેનું ઉદાહરણ સાંસદ કંગના રણોત સાથે બનેલી ઘટના છે. હિમાચલ પ્રદેશની મંડી બેઠક પરની ભાજપ (BJP) સાંસદ કંગના રણૌતને ચંડીગઢ એરપોર્ટ CISF મહિલા કર્મચારીએ થપ્પડ મારી દીધી હતી. થપ્પડ મારનાર CISFની મહિલા કર્મચારી કુલવિંદર કૌર હતી. કંગનાને થપ્પડ મારવાની ઘટના બનવા પાછળનું એક કારણ ખેડૂત આંદોલન હતું. વાસ્તવમાં જે CISF મહિલા કર્મચારીએ કંગનાને થપ્પડ મારી છે, તે ગુસ્સો આજથી પાંચ વર્ષ પહેલાનો, એટલે કે 2020નો છે. તે વખતે કંગનાએ ખેડૂત આંદોલનની પોસ્ટર લેડી તરીકે પ્રખ્યાત થયેલી એક વૃદ્ધ મહિલા અંગે વાંધાજનક ટ્વિટ કરી હતી. આ વૃદ્ધ મહિલાનું નામ મોહિંદર કૌર હતું. વળી ગયેલી કમર હોવા છતાં તેઓ ખેડૂત આંદોલનનો ઝંડો લહેરાવતા-લહેરાવતા ચાલતા રહ્યા હતી. કંગના રણૌતે આંદોલન કરી રહેલી જે મહિલાનું અપમાન કર્યું હતું તે CISF મહિલા કર્મચારીની માતા હતા અને તેણે પણ જાહેરમાં જ માતાના અપમાનનો બદલો લીધો હતો.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કી વચ્ચે ગઈ કાલે વ્હાઇટ હાઉસમાં થયેલી મુલાકાત અંતે ઉગ્ર દલીલોમાં પરિણમી હતી. દુનિયા બે દેશોના વડા વચ્ચે જાહેરમાં થયેલી ઉગ્ર દલીલો જોઈને સ્તબ્ધ થઈ ગઈ હતી. ટ્રમ્પે યુક્રેઇનના વડા ઝેલેન્સકીનું સરેઆમ અપમાન કર્યું હતું. આ દ્રશ્ય જોઇને દુનિયાના લોકો સ્તબ્ધ થઇ ગયા હતાં. અને ઝેલેન્સ્કી તરફ લોકોની લાગણી આપોઆપ જોવા મળી હતી. એટલે કોઇનું જાહેરમાં અપમાન થાય તે પણ દુનિયા પંસંદ કરતી નથી. ટ્રમ્પે ખુલ્લેઆમ આરોપ લગાવ્યો હતો કે ઝેલેન્સ્કી શાંતિ ઇચ્છતા નથી અને જો તેઓ સમાધાન નહીં કરે તો અમેરિકા આ યુદ્ધમાંથી બહાર થઈ જશે. ટ્રમ્પે એવો પણ દાવો કર્યો હતો કે યુક્રેન એ રશિયા સામે જંગમાં જીત હાંસલ કરી શકે તેમ નથી. ટ્રમ્પે ઝેલેન્સ્કી પર અમેરિકા અને અમેરિકી લોકોનો અનાદર કરવાનો પણ આરોપ લગાવ્યો હતો.

જ્યારે ઝેલેન્સ્કીએ વારંવાર કહ્યું હતું કે, અમે ગેરંટી સાથે યુદ્ધવિરામ ઇચ્છીએ છીએ. ટ્રમ્પ અને ઝેલેન્સ્કી વચ્ચે જ્યારે ઉગ્ર ચર્ચા થઈ રહી હતી એ દરમિયાન અમેરિકામાં યુક્રેનનાં રાજદૂત ઓક્સાના માર્કારોવા અતિશય તણાવમાં હતાં.

ઓવલ ઓફિસના આ વીડિયોમાં યુક્રેનનાં રાજદૂત પોતાનો હાથ માથા અને ચેહરા પર રાખીને બેઠાં હતાં. ઓક્સાના ઓવલ ઓફિસમાં બંને નેતાઓની નજીક જ બેઠાં હતાં અને તેમની આ ચિંતાને સમગ્ર વિશ્વના મીડિયાએ પોતાના કેમેરામાં કેદ કરી લીધી હતી. ઝેલેન્સ્કી બંને દેશો વચ્ચે કિંમતી ખનીજોના કરાર માટે અમેરિકા પ્રવાસે ગયા હતા, પરંતુ આ સમાધાન હવે ખોરંભે ચડી ગયું છે. ટ્રમ્પે ઝેલેન્સ્કીને કહ્યું કે, યુક્રેન હાલમાં મોટી મુસીબતમાં છે અને તે રશિયા સાથે યુદ્ધ જીતી નહીં શકે. આ દરમિયાન ટ્રમ્પે એવું પણ કહ્યું, યુક્રેન મોટી મુસીબતમાં છે. તમે તેને જીતી શકવાના નથી. પરંતુ જો તમે અમારી સાથે હશો, તો તમારી પાસે આમાંથી બહાર નીકળવાની તક છે. બેઠકમાં ટ્રમ્પે યુદ્ધ દરમિયાન યુક્રેનને આપવામાં આવેલી સહાય મુદ્દે વાત કરી. ટ્રમ્પે કહ્યું, અમે તમને 350 બિલિયન ડોલર આપ્યા છે. અમે તમને લશ્કરી સાધનો આપ્યાં છે. જો અમે લશ્કરી સહાય ન આપી હોત, તો આ યુદ્ધ બે અઠવાડિયાંમાં સમાપ્ત થઈ ગયું હોત. ટ્રમ્પે કહ્યું, જો હું તમને બંનેને (રશિયા અને યુક્રેન) વચ્ચે નહીં લાવું, તો તમે ક્યારેય યુદ્ધવિરામ કરી શકશો નહીં. તમે પુતિનને નફરત કરો છો. સામેની તરફથી પણ પસંદ કરવા જેવી કંઈ બાબત નથી. તમે ઇચ્છો છો કે હું કઠોર બનું, તો પછી હું દુનિયાના બીજી કોઈ પણ વ્યક્તિ કરતાં કઠોર બની શકું છું. પણ તમે આવી રીતે કોઈ ડીલ ન કરી શકો.

## ખુમારી આપણા સૈનિકોની

આપણી સેના અને તેનાં સૈનિકો માટે કાર્યરત એક એન.જી.ઓ.માંથી સેવાભાવી સેવકો મીલીટરી હોસ્પીટલમાં સેવા કરવા માટે જતાં. ઘાયલ સૈનિકોની સારવાર કરતાં. તેમની સાથે વાતો કરતાં. તેમને પોતાના હાથે જમાડતાં. સૈનિકોને પણ સારું લાગતું.

એક દિવસ આતંકવાદીઓની સાથેની મુઠભેડમાં આપણા સૈનિકો ઘાયલ થયા છે. સેવાભાવી માસી ત્યાં પહોંચી ગયાં. ત્રણ સૈનિકો ખૂબ જ ઘાયલ હતાં.ઉંમર હતી માત્ર ૨૦ થી ૨૨ વર્ષ.એક યુવાન સૈનિક પાસે માસી ગયાં અને માથે હાથ ફેરવી ખબર પૂછ્યા, “કેપ્ટન શૌર્ય કેમ છે?” કેપ્ટન શૌર્યની ખોપરી ફાટી ગઈ હતી. માથામાં ૨૫ ટાંકા આવ્યા હતા. પેટમાં છરા ઘૂસી જવાને કારણે ઓપરેશન કરવામાં આવ્યું હતું. ડાબા હાથમાં પ્લાસ્ટર હતું અને કેપ્ટન શૌર્યનો જમણો પગ

ચાર્જિંગ પોઈન્ટ
હેતા ભૂષણ

આતંકવાદીઓએ બિછાવેલી માઈન્સ પર પડ્યો હતો તેથી ત્યાં ઘટના સ્થળે જ શરીરથી છૂટો પડી હવામાં ઊડી ગયો હતો.આટલા ગંભીર રીતે ઘાયલ ૨૧ વર્ષના યુવાન કેપ્ટન શૌર્યે ખુમારીથી જવાબ આપ્યો,”હું ઠીક છું. આઈ એમ ઓલરાઈટ. બસ આ ઘા તાજા છે એટલે થોડું દુખે છે.થોડા વખતમાં હું ફરી ઊભો થઇ મારા દેશની સેવા કરીશ.” યુવાન સૈનિકની ખુમારી અને હિંમત જોઈ માસીની આંખો ઉભરાઈ ગઈ અને પોતાના દેશના સૈનિક પર ગર્વ થયો. તેમણે કહ્યું, “કેપ્ટન, હું ભગવાનને પ્રાર્થના કરીશ કે તમે જલ્દી સાજા થઇ જાવ.”કેપ્ટન શૌર્યે જવાબમાં કહ્યું, “મારા એક સાથીએ તેની બંને આંખો ગુમાવી છે. આપણે બધા તેના માટે પ્રાર્થના કરીએ અને મારા કરતાં વધારે એને તમારી મદદની જરૂર છે.તમે તેની દેખરેખ કરજો.”

સૈનિકોની સેવા માટે સાથે આવેલા એક સજ્જને કહ્યું, “અમે તમારા જેવા ઘાયલ અને શહીદ સૈનિકોના પરિવાર માટે જરૂર કંઇક કરીશું.”કેપ્ટન શૌર્યે જવાબ આપ્યો, “અમે અમારી મરજીથી આપણા દેશની રક્ષા માટે આગળ આવીએ છીએ.લડીએ છીએ. પોતાના માટે નહિ બધા દેશવાસીઓ વતી લડીએ છીએ ...અમારી પર દયા ખાવાની જરૂર નથી. અમારા ત્યાગને અને દેશપ્રેમને સમજવાની જરૂર છે અને સમાજની વિચારસરણી બદલવાની જરૂર છે. માત્ર મીલીટરી ફોર્સ .... અન્ય પેરામીલીટરી ફોર્સ ...પોલીસ ... દેશ માટે લડે અને કામ કરે....દરેક નાગરિક જે દેશમાં રહે છે ...દેશને પ્રેમ કરે છે તેણે જાગૃત થઇ દેશ માટે લડવા હંમેશા તૈયાર રહેવું જોઈએ.”

# યુરોપિયન યુનિયનનાં નેતાઓની શિખરવાર્તા

## વર્લ્ડ વૉચ

ડૉ. જયનારાયણ વ્યાસ



**અમેરિકા જે રીતે નાટોમાંથી ખસી જવા માગે છે અને યુક્રેનને હળવાશથી લેવાનું કહે છે, તે જોતાં આવનાર સમયમાં ચીન, રશિયા, ઉત્તર કોરિયાથી ઈરાન સુધીની ધરી દ્વારા ઊભાં થતાં જોખમો અને સલામતી અંગેની ચિંતાઓને નજરઅંદાજ કરી શકાય તેમ નથી**

૨૬ જૂન, ૨૦૨૫ના રોજ બ્રસેલ્સ ખાતે યુરોપિયન યુનિયનના ૨૭ સભ્ય દેશોના વડા ત્રણ મુદ્દે ચર્ચા કરી ભાવિ કાર્યક્રમ નક્કી કરવા માટે મળ્યા. આમાંનો પહેલો મુદ્દો હતો રશિયા ઉપર લાદવામાં આવેલ પ્રતિબંધો, બીજો મુદ્દો અમેરિકન ટેરિફ અને એનાથી ઊભી થતી વિડંબણાઓનો કઈ રીતે સામનો કરવો અને ત્રીજો મુદ્દો મધ્ય-પૂર્વમાં ચાલી રહેલી અથડામણોમાં એમના મતનું વજન પડે તે એજન્ડા તેમની સામે હતો. નાટોની અતિ મહત્ત્વની શિખરવાર્તા બાદ તરત જ આ નેતાઓ બ્રસેલ્સમાં મળ્યા જ્યાં એમણે સંરક્ષણ ખર્ચમાં જંગી વધારો તેમજ ટ્રમ્પ સાથેના મતભેદોનું શક્ય તે સમાધાન શોધવા માટેનો પ્રયાસ કર્યો.

યુક્રેનિયન પ્રમુખ ઝેલેન્સ્કી વિડિયો કોન્ફરન્સથી જોડાયા. અમેરિકાના નેતૃત્વ હેઠળ કામ કરતી નાટોએ યુક્રેનની પ્રાથમિકતાને ટોચની અગ્રતા આપવાનું બંધ કર્યું છે. આમ છતાંય રશિયા દ્વારા યુક્રેન પર થઈ રહેલા હુમલા બાબત EU દેશોએ ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. જો કે કેટલાક EU સભ્યો રશિયા ઉપરના પ્રતિબંધો ચાલુ રાખવાનો એટલા માટે વિરોધ કરે છે, કારણ કે આનાથી ઊર્જાના ભાવોમાં મોટો વધારો થશે એવું એમનું માનવું છે.

ટ્રમ્પના ટેરિફના મુદ્દે વાટાઘાટો ચાલી રહી છે. ટ્રમ્પે સ્પેનને સંરક્ષણ ખર્ચ પાછળ પૂરતી ફાળવણી નથી થતી એ બદલ ઠપકો આપતાં કહ્યું હતું કે, આવું ચાલુ રહેશે તો ટેરિફ વધશે. ફ્રાન્સના પ્રમુખે ટ્રેડવૉર શરૂ કરવા માટે ટ્રમ્પની ટીકા કરી હતી. યુરોપિયન નેતાઓ મધ્યપૂર્વમાં ચાલી રહેલ યુદ્ધની અસરો બાબત ચિંતિત છે અને ઈરાન સાથે એના ન્યૂક્લિયર પ્રોગ્રામ સંબંધે ડિપ્લોમેટિક વાટાઘાટો ફરીથી શરૂ કરવાના મતના છે. આ સામે ટ્રમ્પ ઈરાન જ્યાં સુધી કાયમી ધોરણે તેનો અણુશસ્ત્રોનો કાર્યક્રમ છોડી ન દે ત્યાં સુધી ઈરાનને કોઈ પણ પ્રકારની રાહત આપવાના મતના નથી. અમેરિકા માટે આ એક ચિંતાનો વિષય એટલા માટે છે કેમ કે ઈરાન જો પાછું બેઠું થઈ જાય તો બે-એક વર્ષ જેટલા ટૂંકા ગાળામાં એ અણુશસ્ત્રોનું ઉત્પાદન કરી શકે તેમ છે.

બીજી બાજુ, ઈઝરાયલ ગાઝામાં જે નરસંહાર કરી રહ્યું છે તે સામે પગલાં લેવા માટે EU દેશોમાં મતભેદ છે અને તેઓ આ મુદ્દે ઈઝરાયલની તરફેણ કે વિરુદ્ધમાં વહેંચાયેલા છે. આ બાબતે સ્પેનના વડા પ્રધાન સાન્ચેઝે કહ્યું હતું કે ગાઝાના નરસંહાર બદલ યુરોપિયન યુનિયને ઈઝરાયલ સાથેના તમામ કરારો રદ કરી દેવા જોઈએ. એમણે યુરોપિયન યુનિયનની ડિપ્લોમેટિક સેવાઓ દ્વારા તાજેતરમાં તૈયાર કરવામાં આવેલ માનવ અધિકાર અહેવાલને ટાંકીને કહ્યું હતું કે, ઈઝરાયલ માનવ અધિકારોનો ભંગ કરી રહ્યું છે અને એના ઉપરની જવાબદારીઓને પાળતું નથી. યુરોપિયન યુનિયનની ઈઝરાયલ સાથેની સહકાર માટેની સંધિ વ્યાપાર સંબંધોનો પાયો નક્કી કરે છે. એટલે EU ઈઝરાયલ સાથેના એના વ્યાપાર ઉપર પ્રતિબંધો લાવે તો એના થકી ઈઝરાયલને ચોક્કસ ગૂંગળામણ થાય. ઈઝરાયલના સદ્નસીબે યુરોપિયન યુનિયનના ૨૭ સભ્ય દેશો આ મુદ્દે એકમત નથી એટલે ઈઝરાયલ ઉપર લગામ કસવામાં આવે તેવી કોઈ શક્યતા દેખાતી નથી. સરવાળે આ બધામાંથી સર્વસ્વીકૃત હોય એવો સાર શું નીકળે છે તે જોવાનું રહે છે. એ પણ સમજવા જેવું છે કે આ આખાય એજન્ડામાં સંરક્ષણ અને સલામતીનો મુદ્દો છવાયેલો રહ્યો. અમેરિકા જે રીતે નાટોમાંથી ખસી જવા માગે છે અને યુક્રેનને હળવાશથી લેવાનું કહે છે, તે જોતાં આવનાર સમયમાં ચીન, રશિયા, ઉત્તર કોરિયાથી ઈરાન સુધીની ધરી દ્વારા ઊભાં થતાં જોખમો અને સલામતી અંગેની ચિંતાઓને નજરઅંદાજ કરી શકાય તેમ નથી.

એક છાપ એવી પણ ઊભી થઈ રહી છે કે, એક સમયે અમેરિકાના ગાઢ સાથીઓ ગણાતા યુરોપિયન યુનિયનના દેશો ટ્રમ્પની ટેરિફ તેમજ અન્ય નીતિઓને કારણે અમેરિકાની દૂર જઈ રહ્યા છે. હજુ આ શરૂઆત એક નાની તિરાડ જેવી છે, એ આવનાર ભવિષ્યમાં સંધાઈ જશે કે વિસ્તરીને મોટી ખાઈ બનશે તે તો સમય જ કહેશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# જીએસટીનો પૂરપાટ વિકાસરથ

**એક બહોળા વેપારી સમાજને નારાજ કરવાનું કોઈ પણ સરકારને પોષાય નહીં. પરંતુ નવા સમય પ્રમાણે કોઈકે તો નવી શરૂઆત કરવી પડે ને!**

## યે મેરા ઈન્ડિયા

વિનોદ પંડ્યા

**રાજ્યો પ્રમાણે બદલાતી અગાઉની વેચાણવેરા વ્યવસ્થાને આધારે કેન્દ્ર સરકાર થનારી આવકનું યોગ્ય આકલન કરી શકતી ન હતી. નવી વ્યવસ્થામાં ભ્રષ્ટાચાર કે ગેરરીતિઓ નથી તેનો દાવો ભારતમાં કરી ન શકાય પણ જૂની વ્યવસ્થા ભ્રષ્ટાચારથી જ ખદબદતી હતી. જીએસટી બાદ જે આવક થાય છે તેનું વ્યવસ્થિત આકલન થઈ શકે છે**

વરસ 2017માં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ લાગુ પાડવામાં આવ્યો ત્યારે એક વિશાળ રાષ્ટ્રવ્યાપી નેટવર્ક સાવ નવું જ ઊભું કરવાનું હતું. કોંગ્રેસના મનમોહન શાસન વખતે જીએસટી લાગુ પાડવાની માત્ર ચર્ચાવિચારણા ચાલતી રહી. ત્યારના શાસન પાસે સંભવિત અનિચ્છનીય પરિણામો ભોગવવાની હિંમત ન હતી. નરેન્દ્ર મોદી સરકારે તે લાગુ પાડ્યો. સ્વાભાવિકપણે પ્રારંભમાં મૂશકેલીઓ થાય. હવે તો જીએસટીનું માળખું વરસોવરસ વિકસી રહ્યું છે. ખૂબ સારાં પરિણામો મળી રહ્યાં છે. જેઓ પ્રામાણિકતાપૂર્વક ટેક્સ ભરવા માગે છે તેમના માટે પ્રક્રિયા જૂના સેલ્સટેક્સની વ્યવસ્થા કરતાં પણ વધુ સરળ બની ગઇ છે. ક્યાંય કચવાટ જોવા મળતો નથી. પરંતુ જેઓને ગ્રાહકોએ ભરેલો વેરો ચાઉં કરી જવો છે તેઓના મનમાં કચવાટ છે અને તે પ્રતાપે રાહુલ ગાંધીની જીએસટી બાબતની ટિથિંગ ટ્રબલનો હજી અંત આવતો નથી.

ટૂંકી અથવા ક્ષણિક યાદદાસ્તમાંથી કોઈ અન્ય સાંપ્રત અને મહત્ત્વનો મુદ્દો ન મળે ત્યારે હોકાયંત્રના કાંટાની માફક તેઓ દરેક વખતે એ જ ‘ગબ્બર ટેક્સ’ના સ્થાન પર પાછું ફરે છે. જીએસટી લાગુ પડ્યા પછી દેશમાં અનેક મહત્ત્વની ચૂંટણીઓ યોજાઈ અને જીએસટી કયારેય મુદ્દો બન્યો નથી. આજે લગભગ તમામ સામાન અને સેવાઓ પર ભારતભરમાં એક સમાન ટેક્સ લાગુ પડે છે. એકાઉન્ટસ લખવાં, કિંમત નક્કી કરવી વગેરે અનેક બાબતો વેપારીઓ માટે સરળ બની ગઇ છે.

જીએસટી લદાય તો ખબર પડે કે કયાં શી તકલીફ પડે છે. પગરખાં પહેરો તો ખબર પડે કે કયાં ડંખે છે! છેલ્લાં આઠ વરસથી તેમાં યથોચિત સુધારા થઇ રહ્યા છે. એક બહોળા વેપારી સમાજને નારાજ કરવાનું કોઇ પણ સરકારને પોષાય નહીં. પરંતુ નવા સમય પ્રમાણે કોઈકે તો નવી શરૂઆત કરવી પડે ને! ભાજપને યશ મળી રહ્યો છે તે રાહુલથી જોયું જવાતું નથી. હવે એ પગરખાં પહેરનારાંઓને કહી રહ્યા છે કે, ‘તમને ખબર નથી, પરંતુ તમારાં પગરખાં તમને ડંખી રહ્યાં છે.’

કાયદો અમલમાં મૂકો અને જે રીતે તેની ખામીઓ સામે આવે તે મુજબ સુધારા થયા છે. રાહુલના કહેવા પ્રમાણે જીએસટી કાનૂનમાં 800 જેટલા સુધારા થયા છે. તેનો અર્થ એ છે કે કેન્દ્ર સરકાર સંવેદનશીલ છે અને લાઈવ છે. એક વખત કાયદો ઘડયા પછી ત્યાં અટકી જતી નથી.

જટિલ, મહેનત અને મસમોટાં તંત્રો માગી લેતી અને રાજ્યો પ્રમાણે બદલાતી અગાઉની વેચાણવેરા વ્યવસ્થાને આધારે કેન્દ્ર સરકાર થનારી આવકનું યોગ્ય આકલન કરી શકતી ન હતી. નવી વ્યવસ્થામાં ભ્રષ્ટાચાર કે ગેરરીતિઓ નથી તેનો દાવો ભારતમાં કરી ન શકાય પણ જૂની વ્યવસ્થા ભ્રષ્ટાચારથી જ ખદબદતી હતી. જીએસટી બાદ સરકારને જે આવક થાય છે તેનું વધુ વ્યવસ્થિત આકલન થઈ શકે છે અને ખર્ચનું બજેટ ગોઠવવામાં પણ વધુ મદદરૂપ બને છે.આ આવક દર વરસે ક્રમશઃ અને વ્યવસ્થિતપણે વધી રહે છે તેના પરથી દેશના વિકાસદરનું પણ ઠીક ઠીક અનુમાન લગાવી શકાય છે.

વરસ 2024ના જૂન મહિનામાં જીએસટીનું કલેકશન 174 લાખ કરોડનું થયું હતું. તે વરસ 2025ના જૂન મહિનામાં વધીને 185 લાખ કરોડ રૂપિયાનું થયું હતું જે લગભગ સવા છ ટકાની વૃદ્ધિ સૂચવે છે.

ગયા મંગળવારે સત્તાવાર આંકડા પ્રગટ કરાયા તે મુજબ ગયા એપ્રિલ મહિનામાં વિક્રમસર્જક 237 લાખ કરોડ રૂપિયાનું કલેકશન થયું હતું. લોકો પ્રવાસે નીકળે, વેકેશનમાં પ્રસંગો યોજે, તે માટેની ચીજવસ્તુઓ ખરીદે તેથી ચીજો અને સેવાઓનું વેચાણ વધે છે. તે સિવાયનાં અન્ય કારણો પણ હોય છે. મે અને જૂન મહિનામાં વિશ્વમાં અને ભારતમાં ભૌગોલિક અશાંતિ તેમજ અનિર્ણાયકતા હતી. એપ્રિલની સરખામણીમાં કલેકશન ઘટીને 201 લાખ કરોડ રૂપિયાનું થયું હતું. આ અનિશ્ચિતતાને કારણે જૂન મહિનાના આંકડા પણ ઓછા આવશે. એક સારી વાત એ સામે આવી છે કે નાગાલેન્ડ, સિક્કિમ, ત્રિપુરા, લક્ષદ્વીપ અને લદાખ જેવાં દૂરનાં રાજ્યો પ્રગતિ કરી રહ્યાં છે. લોકોની ખરીદશક્તિ વધી છે અને તે મુજબ કલેકશન વધ્યું છે. ભારત સરકાર માળખાકીય સવલતોનાં બાંધકામોમાં જંગી રકમો ખર્ચી રહી છે તે પણ આ વિકાસ માટે મહત્ત્વનું કારણ છે. પ્રસિદ્ધ એકાઉન્ટિંગ ફર્મ અર્નેસ્ટ એન્ડ યંગ ઈન્ડિયાના ભાગીદાર સૌરભ અગ્રવાલના કહેવા મુજબ પ્રદેશો અને પ્રાન્તોનો સમતોલ અને યોગ્ય વિકાસ થઈ રહ્યો છે તે આ આંકડાઓ બતાવે છે.

વરસ 2024-25ના હિસાબી વરસમાં કુલ કલેકશન 2208 લાખ કરોડનું થયું જે તેના આગલા વરસની સરખામણીમાં લગભગ સાડા નવ ટકાનો વધારો બતાવે છે. સરેરાશ માસિક કલેકશન 184 લાખ કરોડનું થયુ તે જીએસટીના ઈતિહાસમાં સૌથી વધુ છે. ભારતમાં એક કરોડ એકાવન લાખથી પણ વધુ સક્રિય રજીસ્ટ્રેશન છે. અર્થાત્ આટલી સંખ્યામાં વેપાર ધંધાઓ ચાલી રહ્યા છે. દુનિયામાં અનિશ્ચિતતાઓ ચાલી રહી છે પરંતુ ભારત પર તેની ખાસ નકારાત્મક અસરો જણાઈ નથી. એ રીતે ભારતનું અર્થતંત્ર સ્વાવલંબી અને ખડતલ બની રહ્યું છે. જમ્મુ અને કાશ્મીરમાં જીએસટીની સારી અસરો સ્પષ્ટપણે જોઈ શકાય છે. વરસ 2017-18માં જીએસટીમાં 72 હજાર વેપાર ધંધાઓ જોડાયેલા હતા.

આજે રજીસ્ટર્ડ વેપારીઓની સંખ્યા બે લાખ વીસ હજાર પર પહોંચી છે. દેશભરમાં જીએસટી સુવિધા કેન્દ્રો ખોલવામાં આવ્યાં છે અને તેથી નોંધણીનું પ્રમાણ વધ્યું છે. રાષ્ટ્રના વિકાસ, વ્યવસ્થા અને સંરક્ષણ માટે જે યોગદાન આપીએ, આખરે તે આપણા જ માટે હોય છે. શરત એ કે તે રસ્તામાં ખવાઈ-ચવાઈ ન જવા જોઈએ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## એરપોર્ટ પર પણ બુલડોઝર ફેરવાયું એમ લાગે છે

તા. ૨૯મીના ‘ગુજરાતમિત્ર’માં છેલ્લા પાને સુરત એરપોર્ટનો વિસ્તારપૂર્વક સમાચાર પ્રસિધ્ધ થયા જેમાં કોઈ પણ વિગત ચૂકી નથી, પરંતુ આ સમાચાર વાંચી ઘણો આઘાત લાગ્યો છે. મફતમાં મળી રહેલી કરોડોની જમીન કેમ નકારી તે સમજાતું નથી. ખરેખર હવે આ એરપોર્ટની પ્રગતિ પર પાણી ફેરવાઈ ગયું હોય તેમ લાગે છે. CAT1 લાઈટ અને રડાર સ્ટેશન પ્રોજેક્ટ પર બુલડોઝર ફેરવાઈ ગયું. હવે તો ભવિષ્યમાં એવું પણ બને કે આ સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટની પૂરેપૂરી જમીન પર બુલડોઝર ફેરવાઈ જાય, કારણ એવું છે કે આ જમીન, સોના જેવી લગડી પર બિલ્ડરોની ખરાબ નજરથી જોવાઈ રહી છે. સુરતનું આ એરપોર્ટનું સપનું રોળાઈ ગયું હોય તેમ ચોક્કસપણે દેખાઈ રહ્યું છે. સુરતની પ્રગતિ પર અવરોધો વારંવાર આવી રહ્યા છે જેમાં આ સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટની કોઈને ખૂબ જ ખરાબ નજર લાગી ગઈ છે. જાગો સુરતીઓ જાગો. આ એરપોર્ટની શાનને બચાવવા તેમજ તેને પ્રગતિના પંથે ન્યાય મળે તે માટે જાગો, હવે તો આ સુંદર એરપોર્ટની શાન ઝાંખી થઈ જશે. આ એરપોર્ટને બચાવવા તેમજ બિલ્ડરો માટે આ જગ્યા ન આપવા માટે લડત માટે તૈયાર રહેવું પડશે, નહીં તો ભવિષ્યમાં આ સુરત એરપોર્ટ પર બિલ્ડીંગોની કતાર લાગી જશે અને ભરચક એરિયા થઈ આ ડુમસ રોડની શાન છીનવાઈ જશે એવું લાગી રહ્યું છે.

**ગોપીપુરા, સુરત - ચેતન અમીન**

## અડાજણની ટ્રાફિક સમસ્યા

ગુજરાત ગેસ સર્કલ અડાજણ પાસે છ રસ્તા ભેગા થાય છે. આખો દિવસ ભરપૂર ટ્રાફિક દરેક બાજુથી અવિરત ચાલતો રહે છે. હજીરા તરફથી મોટી મોટી બસો અને બીજાં વાહનો અવિરત ચાલુ રહે છે. પરંતુ એક પણ ટ્રાફિક પોલીસ ટ્રાફિક કંટ્રોલ કરતી નથી. ફકત બેસીને મોબાઈલ જોયા કરે છે અને વાતો કર્યા કરે છે. દરરોજ નાના મોટા અકસ્માતો અહીં થતાં જ રહે છે. કોઇ ટ્રાફિકના મોટા સાહેબો ધ્યાન આપતા નથી. શું પોલીસ ડિપાર્ટમેન્ટ કોઇ મોટા અકસ્માતની રાહ જોઇ રહ્યું છે? સાંજના સમયે પણ આ જ સમસ્યા છે. ટ્રાફિક પોલીસ સાંજના સમયે હોય છે પરંતુ વ્યવસ્થિત ટ્રાફિક કંટ્રોલ કરતી નથી. ગુજરાત ગેસ સર્કલ અગત્યનું ટ્રાફિક જંકશન હોવા છતાં અહીં ટ્રાફિક સિગ્નલની કોઇ વ્યવસ્થા કરવામાં આવી નથી તો આ માટે યોગ્ય પગલાં લેવા માટે વિનંતી.

**રાંદેર રોડ, સુરત - ગિરીશ દેસાઈ**

## ત્રણસો હોય કે તેર, અમને કશો પડે ના ફેર

દારુણ વિમાન દુર્ઘટનાને હજુ માંડ પંદર દિવસ પણ નહોતા થયા. આ નિયતિએ નિર્મિત, અકસ્માત કદાચ વિમાન સેવાના ઈતિહાસમાં સૌથી મોટો હતો અને દાયકઓ સુધી એને પ્રજા નહિ ભૂલી શકે અને જેમણે સ્વજનો ગુમાવ્યાં એની વ્યથા તો અવર્ણનીય છે. આવા સંજોગોમાં જાણે કશું જ નથી બન્યું એ રીતે અમદાવાદમાં દર વર્ષની જેમ રથયાત્રા નીકળી એ બતાવે છે કે એક માણસ તરીકે આપણે કેટલી હદે સંવેદનશીલતા ગુમાવી બેઠાં છીએ. આ રથયાત્રા પરંપરાગત ધાર્મિક અને વર્ષોથી નીકળે છે એટલું સ્વીકાર્ય માનીએ તો પણ એને કશા ખોટા આડંબર વિના સાદાઈથી આ વર્ષે કાઢી શકાતે. આ લખાણ કોઈની ઉપર દોષારોપણ કર્યા વિના એટલી તો નોંધ આપણને લેવા પ્રેરિત કરે જ છે કે આ ગંભીર બાબતને પારખવામાં પ્રજા, સરકાર અને ધાર્મિક સંસ્થાઓ બધા ઊણાં ઊતર્યાં છે એનો ઈનકાર થઈ શકે એમ નથી.

**સુરત - પ્રભાકર ધોળકિયા**

## તંદુરસ્તી જાળવવા શું કરશો?

હાલના વિશ્વમાં દરેક મનુષ્ય વ્યસ્ત અને ત્રસ્ત છે. આ બધી સમસ્યામાં અને સંઘર્ષ ભરેલા વાતાવરણમાં સ્વાસ્થ્ય તો જાળવવું જ પડશે. પણ કઇ રીતે જાળવીશું? તેના સીધા સાદા અને સરળ ઉપાયો છેઃ રાત્રે વહેલાં સૂઇ જવું અને સવારે વહેલાં ઊઠી જવું. શૌચક્રિયા વગેરે નિત્યક્રમ પતાવીને એક ગ્લાસ હુંફાળા પાણીમાં 1 લીંબુ નીચોવી લેવું, તેમાં એક ચમચી મધ, થોડોક આદુનો રસ અને મરીનો ભૂકો નાખી પી જવું. આ શ્રેષ્ઠ ડીટોક્ષીફાઈંગ એજન્ટ છે. રોજ સવારે 30-40 મિનિટ ઝડપથી ચાલવું. ત્યાર બાદ પ્રાણાયામ, કપાલભાતિ અને અનુલોમ-વિલોમની ક્રિયા કરો. થોડી સ્ટ્રેચીંગ એકસરસાઈઝ પણ કરો. 10 મિનિટ ધ્યાનમાં બેસો. ચા, દૂધ કે કોફી સાથે હેલ્ધી બ્રેકફાસ્ટ કરવો. (ઓટમીલ, એગ, ફણગાવેલા મગ, એક ફ્રુટ, પાંચ બદામ-કાજુ-પીસ્તા, અખરોટ) ભોજનમાં ફ્રાઈડ-ફેટી ફુડ લેવાનું ટાળો. સેચ્યુરેટેડ ફેટવાળો ખોરાક (ઘી, માખણ-મલાઈ-હોલ મીલ્ક વ.) ન લેવો. ફાસ્ટ ફુડથી દૂર રહો. સાંજનું ડીનર 7-8 વાગ્યામાં લઇ લેવું. (ખાસ કરીને વયસ્કોએ, ડીનર હળવું રાખો) વ્યસનથી દૂર રહો. રોજ 8 થી 10 ગ્લાસ પાણી પીવું. ડાયાબિટીસ બીપી જેવા રોગો માટે તમારા ફેમિલિ ડોકટરના સંપર્કમાં રહેવું, વર્ષમાં એક વખત હેલ્થ ચેકઅપ કરાવો. સવારે અને રાત્રે બ્રશ કરવું. વૃદ્ધ લોકોએ સોફા પર બેસી ન રહેતા એકટીવ રહેવું. નવું નવું વાંચતાં રહો. નવું શીખતાં રહો. ઘરના કામકાજમાં મદદ કરવી. ઘણું જાતે કરો, ઘણું જતું કરો.’

**શિકાગો - ડૉ. કિરીટ એન. ડુમસિયા**

## આ પ્રજાવાણીને કોણ સાંભળશે?

જેવી રેડિયાની સ્વીચ ઓન કરીએ કે, ઘણાંક આકાશવાણીનું અમદાવાદ, સમાચાર, નરેન્દ્ર મોદી આજે જવા રવાના થશે. વગેરે સાંભળવા મળે. થોડા સમય પછી, થોડો સમય ગીત-સંગીત વાગે અને અચાનક જ ફરી સમાચાર શરૂ, પેલું અડધું ગીત બંધ ન કોઈ સમાચાર રજૂ કરવાની જાહેરાત આ સીલસીલો આખો દિવસ-રાત ચાલુ જ રહે છે. અરે, ભાઈ રેડિયો લાખો સંગીતપ્રેમીઓ માટેનું સરળ અને સસ્તું સાધન છે. સરસ મઝાનાં ફિલ્મી ગીતો, વાતો, સંગીતના કાર્યક્રમો આ તણાવભરી જિંદગીમાં કેવી રાહત આપે છે. મન ઝૂમી ઊઠે અને તન ડોલી ઊઠે ત્યારે જ, વિલન જેવા સમાચાર ટપકી પડે, પણ બિચારું આકાશવાણી પણ શું કરે? ઉપરથી ઓર્ડર હોય તેનો અમલ કર્યે જ છૂટકો, એવું જ પ્રજાનું સમજવું, એની વાત કોણ સમજે? સાંભળે? અને અમલમાં આવતાં આવે. યાદ છે, ઈન્દિરાએ કિશોરકુમારના કેવા હાલ કર્યા હતા તે? પાવર આગળ પ્રજા લાચાર. રોજ સવારે સવારે સમાચાર માટે છાપું તો હાજર જ હોય છે. વળી આકાશવાણી જણાવે તે ‘હેન્ડલ’ પણ ઉપલબ્ધ હોય છે. થોડા થોડા સમયે નવા નવા સમાચારો કયાંથી લાવવા? માટે પુનરાવર્તન થતું રહે. વળી, ગુજરાતી આકાશવાણી ઉપર હિન્દી, અંગ્રેજી અને બીજી પ્રાદેશિક ભાષાના સમાચારો તો ખરા જ! બિચારો શ્રોતા ફિલ્મી સંગીત માટે નછૂટકે, સમાચારો સાંભળતો રહે. કયારે આ કંટાળાજનક વાતો પૂરી થાય તેની રાહ જોતો રહે.

**સુરત - ઈશ્વર સી. પટેલ**

## ‘માનવ સેવા એ જ પ્રભુસેવા’

આપણે કેટલાય મોટા ગર્ભશ્રીમંત હોઈએ, જ્ઞાની કે સત્તાધારી હોઈએ, જો આપણાં હ્દયમાં માનવી પ્રત્યેનો કરુણાભાવ ન હોય તો આપણી મહત્તા કે મોટાઈ શૂન્ય ગણાવી જોઈએ. આમેય તમામ ધર્મોનો બોધ કે અર્ક ‘કરુણા’ ગણાય છે. એટલે જ કહીએ છીએ કે, ‘માનવ સેવા એ જ પ્રભુસેવા’ એનો ઉર્દૂ પર્યાય ‘ખિદમતે ખલ્ક ખિદમતે ખુદા’ છે. માણસ પોતાના જીવનને અર્થપૂર્ણ બનાવવાની કોશિષ કરે છે. બીજાના માટે કંઈક જીવે છે ત્યારે તેને અલૌકિક સુખ મળે છે. સંસારનાં તમામ લોકો ક્યાંક ને ક્યાંક અમર પગલાં મૂકી શકતાં નથી. કોઈક શાળા કે કોલેજ કે અન્ય સેવાકીય સંસ્થાન સાથે પોતાનું નામ દાતા તરીકે જોડી શકતા નથી. બધા કંઈ એટલા શ્રીમંત હોતા નથી, પણ ઘણાં લોકો લાગણી એકઠી કરી શકાય એવા હોય છે. બીજાની જિંદગીમાં કંઈક ભાગ ભજવ્યો હોય છે. કોઈકના દુઃખમાં સામેલ થયાં હોય છે. તેઓ દિલની દૌલત લુંટાવીને જીવ્યા હોય છે. પોતાની હેસિયત મુજબ અનેક સેવાકીય પ્રવૃત્તિઓ કરતા હોય છે અને આમ સેવારૂપી દીવડા પ્રગટાવીને માણસની જિંદગી ભૂખ અને તરસની પ્રાણી હસ્તીથી કંઈક વધુ ઊંચી ઊઠી જાય છે. યહી હે ઈબાદત યહી દીનો-ઈમા કે કામ આયે દુન્યા મે ઈન્સા કે ઈન્સા કારણ ઘણાં માણસોને જિંદગીએ, સમાજે, સંજોગોએ ઘણો અન્યાય કર્યો હોય છે. કેટલાંક માણસોને જિંદગી મનપસંદ વિકલ્પો આપતી હોય છે.

**સુરત- અબ્દુલ્લા એ. હાફેઝજી**